सत्यमेव जयते

GJBT020014772017

કેસ રજુ તા. ૨૮–૦૬–૧૭
દાખલ તા. ૨૮–૦૬–૧૭
ફેંસલ તા. ૨૫–૦૫–૨૬
અવધિઃ– વર્ષ માસ દિવસ

## બોટાદના મે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, તા. જી. બોટાદ.

ફોજદારી કેસ નં. ૧૨૬૨/૧૭
આંક –

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–**

(૧) પ્રતાપભાઈ અનકુભાઈ ખાચર, ઉ.વ.આ. ૪૦,
(૨) પ્રતાપભાઈ આપાભાઈ ખાચર, ઉ.વ.આ. ૪૫,
(૩) રણજીતભાઈ ચાપભાઈ ખાચર, ઉ.વ.આ. ૩૪,
(૪) કાનજીભાઈ જેમાભાઈ વસાણી, ઉ.વ.આ. ૪૫,
(૫) શાંતિલાલ રણછોડભાઈ રાઠોડ, ઉ.વ.આ. ૩૪,
(૬) પ્રવિણભાઈ રામકુભાઈ ખાચર, ઉ.વ.આ. ૩૮,
(૭) નરેન્દ્રભાઈ રામકુભાઈ ખાચર, ઉ.વ.આ. ૨૫,
(૮) આરસીભાઈ રામાભાઈ કાથડ, ઉ.વ.આ. ૫૭,
(૯) પ્રતાપભાઈ ભરતભાઈ ધાધલ, ઉ.વ.આ. ૨૬,
(૧૦) કનુભાઈ દેવાયતભાઈ ડાંગર, ઉ.વ.આ. ૪૦,
(૧૧) મુનાભાઈ બાબભાઈ ખાચર, ઉ.વ.આ. ૨૬,
(૧૨) ઉદયભાઈ વલકુભાઈ ધાધલ, ઉ.વ.આ. ૨૨,
(૧૩) સંજયભાઈ મનુભાઈ વાળા, ઉ.વ.આ. ૨૮,
(૧૪) સુરેશભાઈ કનુભાઈ ખાચર, ઉ.વ.આ. ૨૮,
(૧૫) ઇકબાલભાઈ ઇશાભાઈ મેમણ, ઉ.વ.આ. ૪૫,
(૧૬) ભગીરથભાઈ મનુભાઈ ધાધલ, ઉ.વ.આ. ૨૭,
(૧૭) ભુપતભાઈ વાલજીભાઈ સાંકળીયા, ઉ.વ.આ. ૩૦,

-------------------------------------------------------
ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – ડૉ. રાકેશભાઈ આર. જાની.
આરોપીઓ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી – આર. ડી. ગીડા.
-------------------------------------------------------

## –: ચુકાદો :–

૧.) ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,

ગઈ તા.૧૧–૦૪–૨૦૧૭ ના રોજ આ કામના ફરિયાદીને ખાનગી રાહે મળેલ બાતમીના આધારે બનાવવાળી જગ્યા મોજે પાળીયાદ ગામની સીમના કમખીયા ગામે રેડ કરવા જુગાર ધારાની કલમ–૦૬ મુજબનું ખાસ વોરંટ મેળવી, બે પંચોને સાથે રાખી પ્રાથમિક પંચનામુ તૈયાર કરી, ફરિયાદી અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે બનાવવાળી જગ્યાએ આશરે કલાક ૧૭.૪૫ વાગ્યાના સુમારે રેડ કરતાં આ કામના આરોપી નં. ૧ એ પોતાના કબજા ભોગવટાની પાળીયાદ મુકામે આવેલ કમખીયાની વાડીના મકાનમાં પોતાના આર્થિક ફાયદા માટે આરોપી નં. ૨ થી ૧૭ નાઓને બોલાવી, પૈસા પાના વડે તીનપત્તીનો જુગાર રમી–રમાડી જુગારના દાવના નાણાં કાઢી તમામ આરોપીઓએ આ ગેરકાયદેસરની પ્રવૃતિમાં મદદગારી કરી, રેડ દરમ્યાન આરોપીઓની અંગઝડતી કરતાં તથા દાવાના બોર્ડ ઉપરથી રોકડ રકમ રૂ.૪,૧૮,૫૨૦/–, મોબાઈલ નંગ–૨૩, વાહનો નંગ–૦૮ તથા છુટ્ટા પાનાની કેટ નંગ–૦૪, ગાદલા નંગ–૦૮, શેતરંજી નંગ–૦૨ ના મુદ્દામાલ સાથે મળી આવી, જુગારધારાની કલમ–૪, ૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

જે અંગેની ફરિયાદ આરોપીઓ વિરૂધ્ધ નોંધવામાં આવેલ. ત્યારબાદ આ કામે ત.ક.અધિકારી દ્વારા તપાસના અંતે પુરતો પુરાવો જણાઇ આવતાં આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨.) સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઈ, આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઈ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આ કામના આરોપીઓની આંક–૧૮ થી આંક–૩૩ સુધી પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ફોજદારી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ન્યાયિક કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

આરોપી નં. ૧૨ ચાલુ કામે હાજર ન રહેતાં આરોપીને તથા તેના જામીનદારને પ્રોસેસ કાઢવા છતાં તે મળી આવેલ ન હોય આંક–૦૧ લગત હુકમ કરી સદર કેસ તેઓની ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબ આગળ ચલાવવામાં આવેલ.

૩.) આ કામે ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–**

| **ક્રમ** | **આંક** | **સાહેદોના નામ** |
|---|---|---|
| **૧** | ૩૫ | પંચ સાહેદ અલ્કેશભાઇ રણછોડભાઇ ધોડકીયા ની જુબાની |
| **૨** | ૩૬ | બનાવવાળી જગ્યાએથી જુગાર અંગેનો મુદ્દામાલ અને આરોપીઓની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ |
| **૩.** | ૩૭ | પંચ સાહેદ પ્રવિણભાઇ ગુણુભાઇ સદાદીયા ની જુબાની |
| **૪.** | ૪૧ | ફરિયાદી આનંદકુમાર મનસુખભાઇ પટેલ ની જુબાની |
| **૫.** | ૪૨ | ફરિયાદની ખરી નકલ |
| **૬.** | ૪૩ | સાહેદ ઇન્દ્રજીતસિંહ અર્જુનસિંહ ધોલેતર ની જુબાની |
| **૭.** | ૪૪ | સાહેદ મહાવીરસિંહ બળવંતસિંહ ની જુબાની |
| **૮.** | ૬૦ | સાહેદ પ્રદિપસિંહ નટવરસિંહ રાઠોડ ની જુબાની |
| **૯.** | ૮૮ | ત.ક.અ. વેરસી ખીમાનંદભાઇ સાખરા ની જુબાની |
| **૧૦.** | ૮૯ | ત.ક.અ. યશપાલસિંહ બળદેવસિંહ રાણા ની જુબાની |

૪.) ઉપરોક્ત પુરાવા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક સ્વરૂપે જાહેર કરેલ છે.

ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ વિરૂધ્ધની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેઓ વિરૂધ્ધ તદ્દન ખોટો કેસ કરેલ હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ આ કામે વિશેષમાં તેઓએ કાંઇ કહેવુ નથી કે બચાવપક્ષે કોઈ સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ દલીલોના તબક્કે પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલી છે.

૫.) ઉપરોકત ફરિયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ગઈ તા.૧૧-૦૪-૨૦૧૭ ના રોજ આ કામના ફરિયાદીને ખાનગી રાહે મળેલ બાતમીના આધારે બનાવવાળી જગ્યા મોજે પાળીયાદ ગામની સીમના કમખીયા ગામે આશરે કલાક ૧૭.૪૫ વાગ્યાના સુમારે રેડ કરતાં આ કામના આરોપી નં. ૧ એ પોતાના કબજા ભોગવટાની પાળીયાદ મુકામે આવેલ કમખીયાની વાડીના મકાનમાં પોતાના આર્થિક ફાયદા માટે આરોપી નં. ૨ થી ૧૭ નાઓને બોલાવી, પૈસા પાના વડે તીનપત્તીનો જુગાર રમી-રમાડી જુગારના દાવના નાણાં કાઢી તમામ આરોપીએ ગેરકાયદેસરની પ્રવૃતિમાં મદદગારી કરી, રેડ દરમ્યાન આરોપીઓની અંગઝડતી કરતાં તથા દાવાના બોર્ડ ઉપરથી રોકડ રકમ રૂ.૪,૧૮,૫૨૦/-, મોબાઈલ નંગ-૨૩, વાહનો નંગ-૦૮ તથા છુટ્ટા પાનાની કેટ નંગ-૦૪, ગાદલા નંગ-૦૮, શેતરંજી નંગ-૦૨ ના મુદ્દામાલ સાથે મળી આવી, જુગારધારાની કલમ-૪, ૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨. શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

<u>**મુદ્દા નં. ૧ :-**</u>

૬.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧ પંચ** અલ્કેશભાઈ રણછોડભાઈ ધોડકીયા ને આંક-૩૫ થી તથા **સાહેદ નં. ૨ પંચ** પ્રવિણભાઈ ગુણુભાઈ સદાદીયા ને આંક-૩૭ થી તપાસેલાં છે. જેઓએ તેમના પુરાવામાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં પોતાની સહી કરેલ હોવાનું જણાવેલ છે. તે સિવાય પંચનામામાં શું લખેલ તેની તેઓને ખબર નથી. સાહેદોને બનાવવાળી જગ્યાએથી જુગાર અંગેનો મુદ્દામાલ અને આરોપીઓની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ બતાવતાં તેઓ તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે **આંક-૩૬** થી રજુ થયેલ છે.

સદરહુ પંચસાહેદે તેમના પંચનામા અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં પંચસાહેદે પંચનામાને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આપેલ નથી.

બચાવપક્ષે થયેલ સદરહુ બંને પંચસાહેદોની ઉલટતપાસમાં તેમણે એક તૈયાર પંચનામામાં પોતાની સહી કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ આ પંચનામુ શેનું હતું તેની તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે.

<u>**ફરિયાદી તથા સાહેદોના પુરાવાઓઃ–**</u>

**૭.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૩ ફરિયાદી** આનંદકુમાર મનસુખભાઇ પટેલ ને આંક–૪૧ થી, **સાહેદ નં. ૪** ઇન્દ્રજીતસિંહ અર્જુનસિંહ ધોલેતર ને આંક–૪૩ થી, **સાહેદ નં. ૫** મહાવીરસિંહ બળવંતસિંહ ને આંક–૪૪ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓના પુરાવાઓ એકસરખા જણાઇ આવતા હોય પુનરાવર્તન ટાળવાના હેતુસર સાહેદોને એકીસાથે વંચાણે લેતાં, તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૧૧–૦૪–૨૦૧૭ ના રોજ આ કામના ફરિયાદીને ખાનગી રાહે મળેલ કે આરોપી પ્રતાપભાઇ અનકુભાઇ પોતાના રહેણાંકી મકાને બહારથી માણસો બોલાવી અંગત આર્થિક ફાયદા માટે હારજીતનો જુગાર રમાડે છે. જેથી ફરિયાદી અને સાહેદો તેમના સ્ટાફના માણસો સાથે બનાવવાળી જગ્યાએ તપાસ કરતાં પાળીયા ગામની સીમમાં મહાદેવના મંદિરની આગળ આવેલ મકાનમાં તપાસ કરતાં કેટલાક ઇસમો બે કુંડાળા વળી પૈસા પાનાનો જુગાર રમતા હતાં. જે પૈકી એક ઇસમ પોતાનું નામ પ્રતાપભાઇ અનકુભાઇ હોવાનું જણાવેલ. જેઓને રેડ અંગેનું વોરંટ બતાવતાં તેમાં તેમની પંચો રૂબર સહી લીધેલી.

ત્યારબાદ બનાવવાળી જગ્યાએ તપાસ કરતાં ત્યાં ગંજીપત્તા તથા રોકડા રૂપીયા પડેલ હતાં. તમામ આરોપીઓની અંગઝડતી કરતાં કુલ રોકડ રકમ રૂ.૪,૧૮,૫૨૦/–, મોબાઇલ ફોન નંગ–૨૩ તથા વાહન–૦૮ મળી આવેલ. જે બાબતે ફરિયાદીએ હાલની ફરિયાદ આપેલી. જે આ કામે **આંક–૪૨** થી રજુ કરેલ છે. તેમજ આ બાબતે બંને સાહેદોના નિવેદનો નોંધેલાં.

બચાવપક્ષે થયેલ સદરહુ ફરિયાદી અને બંને સાહેદોની ઉલટતપાસને એકીસાથે ધ્યાને લેતાં તેઓએ તેમાં જણાવેલ છે કે, ખાનગી વાહન ભાડે રાખવા અંગે

ઉપરી અધિકારીની મંજુરીની હકીકત ફરિયાદમાં જણાવેલ નથી. આ આરોપીઓનો અગાઉ કોઇ ગુનો ન હતો કે તેઓ કોઇને વ્યક્તિગત રીતે ઓળખતા ન હતાં. ફરિયાદી પંચોને બોલાવવા ગયેલ હોય તેવી હકીકત લખાવેલ નથી. ફરિયાદ આપ્યા સુધી બનાવવાળી જગ્યાની કોઇ રેવન્યુ રેકર્ડની ખરાઇ કરેલ નથી. ફરિયાદીએ લાઇટ બીલ લીધેલ છે પરંતુ તે લાઇટબીલ લીધેલ હોવા અંગેની હકીકત પોતાની ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદીએ તેમની ફરિયાદમાં કે સાહેદોએ તેમના નિવેદનોમાં પંચોના નામો જણાવેલ નથી. બાતમીની જે હકીકત જાણવા મળેલ તે અંગે રેડ કરતા પહેલા પાળીયાદ પોલીસની કોઇ ખરાઇ કરેલ નથી.

૮.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૭** પ્રદિપસિંહ નટવરસિંહ રાઠોડ ને આંક–૬૦ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૧૨–૦૪–૨૦૧૭ ના રોજ તેઓ સ્ટેટ મોનીટરીંગ સેલ, ગાંધીનગર ખાતે પો.કો. તરીકે પોતાની ફરજ ઉપર હતા ત્યારે આ કામના ફરિયાદીને પાળીયાદ ગામની સીમમાં કામખીયા ખાતેના મકામાં ગેરકાયદેસર ગંજીપત્તા અને પૈસાથી હારજીતનો જુગાર રમતા હોવાની ખાનગી રાહે બાતમી હકીકત મળેલી. જેથી તેઓ પોલીસ સ્ટાફના માણસો તથા બે પંચોને બોલાવી જુગાર ધારાની કલમ–૬ મુજબનો વોરંટ મેળવી, બનાવવાળી જગ્યાએ તપાસ કરતાં ગાદલા પાથરેલ હતાં અને ભારતીય ચલણની અલગ અલગ દરની નોટના રૂ.૧૯,૯૦૦/– તથા ૫૨ ગંજીપત્તાઓને પંચનામાની વિગતે કબજે કરેલ. તમામ આરોપીઓની અંગઝડતી કરતાં કુલ રોકડ રકમ રૂ.૪,૧૮,૫૨૦/–, મોબાઇલ ફોન નંગ–૨૩ તથા વાહન–૦૮ મળી આવેલ. જે બાબતે ફરિયાદીએ હાલની ફરિયાદ આપતાં તેમનું નિવેદન લીધેલું.

બચાવપક્ષે થયેલ સદરહુ સાહેદની ઉલટતપાસમાં તેમણે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, તેમની હાજરીમાં તેમણે કે તેમના સ્ટાફના માણસોએ પાળીયાદ પો.સ્ટે.માં અગાઉથી જાણ કરી બનાવવાળી જગ્યાને કોર્ડન કરી કોઇને આવવા–જવા દેવા નહી તેવી સુચના આપેલ નથી. તેમના સ્ટાફના કોઇ વ્યક્તિ બનાવ અગાઉ કોઇ આરોપીને ઓળખતા હોય તેવી કોઇ હકીકત નિવેદનમાં જણાવેલ નથી. તેમના સ્ટાફના કોઇ માણસોએ બનાવવાળી જગ્યાના રેવન્યુ રેકર્ડ ચકાસેલા હોય તેવી વિગત નિવેદનમાં જણાવેલ નથી.

૯.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૭** વેરસી ખીમાનંદભાઇ સાખરા ને આંક–૮૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,

પાળીયાદ પો.સ્ટે.ના સેકન્ડ ગુના રજીસ્ટ્રેશન નં. ૩૩/૨૦૧૭, તા.૧૨–૦૪–૨૦૧૭ થી ફરિયાદીની ફરિયાદ પી.એસ.ઓ. ડી.ટી.ચુડાસમા નાઓએ રજીસ્ટરે લઇ આગળની તપાસ સાહેદને સોંપતાં, સાહેદે આરોપીઓની અટક કરેલી. તેમજ જરૂરી સાહેદોના નિવેદનો નોંધ્યા બાદ આગળની તપાસ સાહેદ વી.બી.રાણા નાઓને સોંપેલી.

બચાવપક્ષે થયેલ સદરહુ સાહેદની ઉલટતપાસમાં તેમણે ફરિયાદપક્ષને મદદરૂપ થતી કોઇ હકીકત જણાવેલ નથી.

**૧૦.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૮** યશપાલસિંહ બળદેવસિંહ રાણા ને આંક–૮૯ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, પાળીયાદ પો.સ્ટે.ના સેકન્ડ ગુના રજીસ્ટ્રેશન નં. ૩૩/૨૦૧૭, તા.૧૨–૦૪–૨૦૧૭ થી ફરિયાદીની ફરિયાદ પી.એસ.ઓ. ડી.ટી.ચુડાસમા નાઓએ રજીસ્ટરે લઇ તપાસ સૌપ્રથમ વી.કે.સાખરા નાઓને સોંપેલ. ત્યારબાદ આગળની તપાસ સાહેદને સોંપતાં, સાહેદે આ કામે કબજે કરેલ મુદ્દામાલ બાબતે અભિપ્રાય આપી, આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું.

બચાવપક્ષે થયેલ સદરહુ સાહેદની ઉલટતપાસમાં તેમણે એ વાત ખરી હોવાનું જણાવેલ ચે કે, આ કામે તેઓએ કોઇ સાહેદોના નિવેદનો નોંધેલ નથી. તેમજ બનાવવાળી જગ્યાએથી સ્થળનો રેવન્યુ રેકર્ડનો આધાર મેળવેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**૧૧.)** ફરિયાદપક્ષે ઉપરોક્ત ફરિયાદી અને સાહેદના પુરાવાનું મુલ્યાંકન એકીસાથે કરતાં, બનાવવાળી જગ્યા આરોપી નં. ૧ ની માલિકીની જગ્યા હોય તેવો કોઇ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. હાલના કામે કોઇ પોલીસ સાહેદો અને પંચસાહેદો સિવાય અન્ય કોઇ ત્રાહિત વ્યક્તિઓના નિવેદનો લીધેલ નથી. હાલના ગુનામાં કોણ હારતુ હતુ અને કોણ જીતતુ હતુ તે તેઓ કહી શકે તેમ નથી. આ કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. તેમજ બનાવ સમયે તેઓ પોતાની ફરજ ઉપર હતા અને તેઓ રેડમાં ગયેલાં તે અંગેનો કોઇ આધાર પુરાવો આ કામે રજુ કરેલો નથી. તેમજ બનાવવાળી જગ્યા કોની માલિકીની છે તે દર્શાવતો કોઇ આધાર પોતાની ફરિયાદ સાથે રજુ કરેલો નથી.

આમ, ચાર્જશીટમાં જે સાહેદો દર્શાવેલા છે તે તમામ પોલીસ સાહેદો છે જે મૌખિક પુરાવા માત્રથી આરોપીઓ સામેનો કેસ પુરવાર થઇ જતો નથી.

વધુમાં, સદરહુ બંને પંચસાહેદોના પુરાવાઓને ધ્યાને લેતાં મુદ્દામાલ કબજે કરેલ હોય અને તે અંગેના પંચનામાની કાર્યવાહી પંચો રૂબરૂ કરેલ હોવાની કોઇ હકીકત જણાઇ આવતી નથી. પંચસાહેદોના પુરાવાના આધારે પોલીસે બનાવ સમયે તેમની હાજરીમાં આ ગુનાના કામે આરોપીઓના કબજામાંથી ગંજીપાનાના પાના તથા રોકડ રકમ મળી આવેલ હોવાનું શંકાસ્પદ જણાઇ આવે છે. આમ, સદર પંચસાહેદોના પુરાવાથી પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી.

તેમજ ક્યા આરોપી પાસે, ક્યા દરની, કેટલી ચલણી નોટો, ક્યા નંબરવાળી કબજે કરેલી તથા ક્યા આરોપી પાસેથી, ક્યા અંકના, ક્યા કલરના ગંજીપાના કબજે કરેલાં તે હકીકત ફરિયાદપક્ષના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૨.)** આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતાં, ફરિયાદપક્ષે કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી. ફરિયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેવામાં આવે તો જે પંચસાહેદોએ પણ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેમજ સદરહુ બનાવવાળી જગ્યાએ હાલના કામના આરોપીઓ હાર જીતનો જુગાર રમતાં હોય કે તેમની પાસેથી કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું પણ સ્પષ્ટ રીતે રેકર્ડ પર ફલિત થતુ નથી.

તેમજ સદર કામમાં હાલના આરોપીઓ પૈકી કોઇ પણ આરોપીઓ કહેવાતી બનાવવાળી જગ્યાએથી કોઇ રકમ જીતેલા કે હારેલા હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર જણાઇ આવેલ નથી. આ કામે **H. S. Online Marketing Pvt. Ltd V/s. State of Gujarat & Oths. [Special Civil Appl. No. 2244/2013] 2013(3) G.L.R. 2126** માં નામદાર ગુજરાત હાઇકોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત મુજબ એવું ઠરાવવામાં આવેલ છે કે જુગારીવૃતિ કે શરત લગાવવાની પ્રવુતિ જુગાર ગણવા માટે અનિવાર્ય છે. જયારે ત.ક.અ.શ્રીની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો હાલના કેસમાં તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. તેમજ બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે છતાં બનાવ સંબંધે તેમણે કોઇ સ્વતંત્ર સાક્ષીઓના નિવેદનો નોંધેલ નથી.

આ સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા **Azeez V/s. State of Kerala, 2013(0) GLHEL SC 52570** માં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત મુજબ જયારે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને પંચસાહેદો હોસ્ટાઇલ થયેલા હોય ત્યારે માત્ર ત.ક.અ.શ્રી તથા પોલીસ સાહેદોની જુબાનીના આધારે આરોપીઓને

તકસીરવાન ઠરાવી શકાય નહી.

**૧૩.)** આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ તમામ હકીકતો તથા ઉપરોકત નામદાર વડીઅદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં સ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીઓના કબજામાંથી ગંજીપાનાના પાના તથા મુદ્દામાલ રકમ મળી આવેલ હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી સદર ચુકાદો આરોપી નં. ૧૨ ની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે. વધુમાં, આરોપીઓ તરફે આંક–૧૦૨ થી તેઓ મુદ્દામાલ રોકડ રકમ પરત મેળવવા માંગતા નથી તે મુજબની પુરસીસ રજુ કરેલ છે. વધુમાં, આરોપીઓ શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું ફરિયાદપક્ષ રજુ થયેલ પુરાવાના આધારે શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.)** આ કામના આરોપીઓ (૧) પ્રતાપભાઇ અનકુભાઇ ખાચર, (૨) પ્રતાપભાઇ આપાભાઇ ખાચર, (૩) રણજીતભાઇ ચાપભાઇ ખાચર, (૪) કાનજીભાઇ જેમાભાઇ વસાણી, (૫) શાંતિલાલ રણછોડભાઇ રાઠોડ, (૬) પ્રવિણભાઇ રામકુભાઇ ખાચર, (૭) નરેન્દ્રભાઇ રામકુભાઇ ખાચર, (૮) આરસીભાઇ રામાભાઇ કાથડ, (૯) પ્રતાપભાઇ ભરતભાઇ ધાધલ, (૧૦) કનુભાઇ દેવાયતભાઇ ડાંગર, (૧૧) મુનાભાઇ બાબભાઇ ખાચર, (૧૨) ઉદયભાઇ વલકુભાઇ ધાધલ, (૧૩) સંજયભાઇ મનુભાઇ વાળા, (૧૪) સુરેશભાઇ કનુભાઇ ખાચર, (૧૫) ઇકબાલભાઇ ઇશાભાઇ મેમણ, (૧૬) ભગીરથભાઇ મનુભાઇ ધાધલ, તથા (૧૭) ભુપતભાઇ વાલજીભાઇ સાંકળીયા નાઓને બોટાદ પો.સ્ટે.ના સેકન્ડ ગુના રજીસ્ટ્રેશન નં. ૩૩/૨૦૧૭ ના કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે જુગારધારાની કલમ–૪, ૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો. જે આ હુકમની તારીખ થી અપીલ સમય સુધી અમલમાં રહેશે.

૩.) આ કામે કબજે કરેલ મુદ્દામાલ વાહનો તથા મોબાઈલો જો વચગાળાના તબક્કે અરજદારોને પરત કરવામાં આવેલ હોય તો તેને કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તેમાં લાદેલ તમામ શરતો દુર કરવામાં આવે છે. અન્યથા મુદ્દામાલ વાહનો અને મોબાઈલોને અપીલ સમય વીત્યા બાદ તેના મુળ માલિકની ખરાઈ કરી તેને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય વીત્યા બાદ છ માસ સુધીમાં સદરહુ મુદ્દામાલ વાહનો તથા મોબાઈલો પરત મેળવવા અંગે કોઈપણ ઈસમ દ્વારા ક્લેઈમ કરવામાં ન આવે તો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૫૮ મુજબ સદરહુ જે તે મુદ્દામાલ વાહનો તથા મોબાઈલોની જાહેર હરાજી કરી, તેને સરકાર ખાલસા કરી, તેમાં ઉપજેલી રકમને નામ. સરકારશ્રીમાં જમા કરાવવી.

આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રોકડની તમામ રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.

આ સિવાયના અન્ય તમામ મુદ્દામાલોનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫ મી મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૨૫–૦૫–૨૦૨૬.
મુ. બોટાદ.
વિશાલ

(મનન એસ. સોની)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, બોટાદ.
(જી.જે. ૦૧૨૬૨)